# પ્રધાનમંત્રીના માતૃશ્રી હિરાબાને વેક્સિનનો પ્રથમ ડોઝ અપાયો

## દેશના નાગરિકોને વેક્સિન લેવા અપીલ કરતા વડાપ્રધાન

ગાંધીનગર, તા. ૧૧

દેશમાં કોરોના વેક્સિનેશનનુ કામ સતત ચાલુ છે. જેમાં ગુરૂવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબાને કોરોના વેક્સિનનો પહેલો ડૉઝ અપાયો છે. પીએમ મોદીએ બપોરે ટ્વીટ કરીને



આ વાતની જાણકારી આપી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરી લખ્યુ કે મને જણાવતા ખુશી થઈ રહી છે કે મારી માતાને કોરોના વેક્સિનનો પહેલો ડોઝ આજે અપાયો છે. હુ આપ તમામને અત્યારે અપીલ કરવા ઈચ્છુ છુ કે જે પણ વેક્સિન લગાવવાના દાયરામાં આવે છે તે તમામ વેક્સિન લગાવે અને બીજા લોકોને પણ પ્રેરિત કરે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબા અમદાવાદમાં રહે છે. હીરાબાની ઉંમર ૧૦૦ વર્ષની નજીક છે. જોકે આ ઉંમરમાં પણ તેઓ એક્ટિવ રહે છે. ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ કોરોના વેક્સિનનો પહેલો ડોઝ અપાઈ ચૂક્યો છે. પીએમ મોદીને એક માર્ચે દિલ્હીના એઈમ્સમાં વેક્સિનનો ડોઝ અપાઈ ગયો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના માતા હીરાબાના ઘણા નજીક છે. પીએમ મોદી જ્યારે પણ ગુજરાતના પ્રવાસે આવે છે ત્યારે પોતાની માતા સાથે મુલાકાત કરે છે. આ સિવાય જન્મદિવસના અવસરે પણ પીએમ મોદી પોતાની માતાને મળવા જાય છે.

એક માર્ચથી જ દેશમાં કોરોના વેક્સિનેશનના બીજા ફેઝની શરૂઆત થઈ હતી. આ ફેઝના અંતર્ગત ૬૦ વર્ષથી વધારે ઉંમરવાળા લોકોને વેક્સિન આપવામાં આવી રહી છે. સાથે જ ૪૫ વર્ષથી વધારે ઉંમરવાળા લોકોને પણ વેક્સિન આપવામાં આવી રહી છે. દેશમાં અત્યાર સુધી અઢી કરોડથી વધારે વેક્સિન લગાવાઈ ચૂકી છે.

# આજે વડાપ્રધાન મોદી અમદાવાદ આવશે : દાંડીયાત્રાનો પ્રારંભ કરાવશે

## આઝાદીના ૭૫ વર્ષ અંતર્ગત 'આઝાદીના અમૃત મહોત્સવ' ઉજવાશે

ગાંધીનગર,તા.૧૧

આવતીકાલે એટલે કે, ૧૨ માર્ચના રોજ દાંડીયાત્રા દિવસની ઉજવણી થવાની છે. વડાપ્રધાન મોદી પણ અમદાવાદ ખાતે આવશે અને ગાંધી આશ્રમથી દાંડીયાત્રાનો પ્રારંભ કરાવી યાત્રામાં ભાગ લેશે.

ભારતની આઝાદીના ૭૫માં વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીનો મુખ્ય કાર્યક્રમ આવતીકાલે સાબમતી આશ્રમ ખાતે વડાપ્રધાન મોદીની ઉપસ્થિતિમાં યોજાવાનો છે. પીએમ મોદી કાલે સવારે અમદાવાદ આવશે અને ૧૦ વાગ્યાની આસપાસ ગાંધી આશ્રમ જશે. આ જ દિવસે રાજ્યના ૩૩ જિલ્લામાં મંત્રીમંડળના સભ્યો, ધારાસભ્યો, સાંસદો, પદાધિકારીઓની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. મુખ્ય કાર્યક્રમમાં પીએમ મોદીની સાથે સીએમ રૂપાણી ઉપસ્થિત રહેશે. જ્યારે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ રાજકોટ, ભાજપ પ્રમુખ સી.આર પાટીલ નવસારી, સુરતના કાર્યક્રમોમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે.

અમદાવાદના સાબરમતી આશ્રમમાં ૧૨મી માર્ચે વડાપ્રધાન મોદી આવી રહ્યા છે. તે સમયે કેન્દ્રના કેટલાક દિગ્ગજ નેતાઓ પણ તેમની સાથે આવશે. દાંડી યાત્રાના ૯૧ વર્ષ થઈ રહ્યા હોવાના અવસરે દાંડી પુલ પર ખૂદ નરેન્દ્ર મોદી ચાલતા જશે. જે માટે આજે એસપીજી અને ગુજરાત પોલીસની ટીમે મોદીની વિઝીટના સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું. અહીંયા તેઓ પહેલા ગાંધીની પ્રતિમાને સુતરની આટી પહેરાવશે ત્યાર બાદ હૃદય કુંજ જશે અને ત્યાંથી તેઓ ચાલતા દાંડી બ્રિજ તરફ જશે.

આ દરમિયાન ટ્રાફિકમાં અડચણ ન રહે તે માટે અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા કેટલાક રૂટ ઉપર ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યા છે. ટ્રાફિક પોલીસ બહાર પાડેલા જાહેરનામા મુજબ આવતીકાલે સુભાષબ્રિજથી ગાંધીઆશ્રમ, વાડજ સર્કલ સુધીનો રસ્તો સવારે ૭થી બપોરે ૩ વાગ્યા સુધી વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે બંધ રહેશે.

વૈકલ્પિક રોડ તરીકે આરટીઓ સર્કલથી રાણીપ થઈને નવાવાડજ પોલીસ ચોકી થઈ અને વાડજ સર્કલ તરફ જઈ શકશે. જ્યારે સવારે ૧૧ વાગ્યાથી વાડજ સર્કલથી ઈકમટેક્સ બ્રિજ, નેહરુબ્રિજ, એલિસબ્રિજ, વીએસ હોસ્પિટલ, પાલડી ચાર રસ્તા, પાલડી ચાર રસ્તાથી એનઆઈડી રોડ સંપૂર્ણપણે તથા જમાલપુર બ્રિજ નીચે થઈ બહેરામપુરા મેલડી માતા મંદિર રોડ તરફ થઈ દાણીલીમડા ચાર રસ્તા સુધીનો એક તરફનો માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

મળતી માહિતી પ્રમાણે પદયાત્રા જેમ જેમ આગળ વધશે તેમ પોલીસ દ્વારા ડાયવર્ઝન દૂર કરવામાં આવશે અને રોડ ખુલ્લા કરવામાં આવશે. વૈકલ્પિક માર્ગ તરીકે વાડજ અને આશ્રમ રોડ તરફ જવા માટે વાડજ કટથી રિવરફ્રન્ટ વેસ્ટ રોડથી જઈ શકાશે. જમાલપુર તરફ જવા માટે એલિસબ્રિજ પરથી વિક્ટોરિયા ગાર્ડન, ખમાસા અને આસ્ટોડિયા થઈ જમાલપુર જઈ શકાશે. જ્યારે ગીતા મંદિરથી મજૂરગામ થઈ ભુલાભાઈ પાર્ક, શાહઆલમ થઈ અને દાણીલીમડા ચાર રસ્તા તરફ જઈ શકાશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર કોંગ્રેસની આજે કારોબારી સમિતિની બેઠક મળવાની હતી પરંતુ તે મુલ્તવી રાખવામાં આવી છે.
- શહેર કોંગ્રેસના કાર્યકરો, કાઉન્સીલરો આજે સફેદ વસ્ત્રોમાં ગાંધીઆશ્રમથી આરંભાઈ રહેલ ''ખેડૂત દાંડી ટ્રેક્ટર યાત્રા''માં જોડાશે.
- ગાંધીનગર શહેરના મુખ્ય મંદિર પંચદેવ મંદિરમાં તેમજ વૈજનાથ મહાદેવ સે. ૨૧માં શિવરાત્રી પર્વને લઈ દર્શનાર્થીઓની ભારે ભીડ દિવસ દરમ્યાન રહી હતી.
- આજે માણસા તાલુકાના લોદરા ખાતે જિલ્લાકક્ષાનો આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ યોજાશે.
- દહેગામ શહેરમાં તસ્કર ટોળકી સક્રિય થઈ છે. બે દુકાનોના તાળા તુટ્યા.
- ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો એક સરખા નોંધાયા છે.
- ગાંધીનગર જિલ્લામાં બટાટાના સંગ્રહ માટે ખેડૂતોએ કોલ્ડ સ્ટોરેજોમાં તેને રાખવા લાંબી કતારો લગાવી છે.
- સિક્કીમના રાજ્યપાલશ્રી ગંગા પ્રસાદજી આજે રાજ્યની મુલાકાતે આવ્યા છે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસ ૭૦૦ને પાર

## રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના કેસમાં મોટો વધારો : રાજ્યમાં કોરોના ફરી બેકાબુ બની રહ્યો છે. મહાનગરોમાં જે પ્રમાણે કેસ વધી રહ્યાં છે તે ચિંતાજનક બાબત છે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર ફરી વધી રહ્યો છે. રાજ્યમાં કોરોનાનો બીજો વેવ શરૂ થઈ ગયો છે. દરરોજ નવા કેસમાં મોટો વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૭૧૦ નવા કેસ નોંધાયા છે. આશરે ત્રણ મહિના બાદ રાજ્યમાં એક દિવસમાં આટલા કેસ સામે આવ્યા છે. ખાસ કરીને મહાનગરોમાં નવા કેસમાં ખુબ વધારો થઈ રહ્યો છે. તો છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં એક પણ મૃત્યુ નોંધાયું નથી. સારવાર બાદ ૪૫૧ લોકો સાજા થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સૌથી વધુ કેસ સુરત જિલ્લામાં સામે આવ્યા છે. અહીં ૨૦૧ નવા કેસ આવ્યા છે. તો અમદાવાદ જિલ્લામાં ૧૫૩ કેસ સામે આવ્યા છે. વડોદરા જિલ્લામાં ૯૫, રાજકોટ ૭૭ કેસ સામે આવ્યા છે. આ સિવાય આણંદમાં ૧૮, ખેડામાં ૧૪, સાબરકાંઠામાં ૧૪, કચ્છમાં ૧૩, ભરૂચ ૧૨, ભાવનગર ૧૩, નવસારીમાં નવ અને ગાંધીનગરમાં ૧૬ કેસ સામે આવ્યા છે.

ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યામાં ફરી વધારો થઈ રહ્યો છે. આજની તારીખે રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૭૮૮ થઈ ગઈ છે, જેમાં ૪૯ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો સારવાર બાદ અત્યાર સુધી કુલ ૨૬૭૭૦૧ લોકો સાજા થયા છે. કોરોનાને લીધે ગુજરાતમાં અત્યાર સુધી ૪૪૧૮ લોકોના મૃત્યુ થયા છે. ગુજરાતનો કોરોના સામે રિકવરી રેટ ૯૭.૦૩ ટકા છે. રાજ્યમાં રસીકરણ અભિયાન પણ ચાલી રહ્યું છે. આજે રાજ્યમાં કુલ ૧૬ હજાર ૯૧૧ લોકોને કોરોના વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે. તો રાજ્યમાં અત્યાર સુધી ૧૭ લાખ ૨૪ હજાર ૮૦૫ લોકોને વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે. ગુજરાતના ચાર જિલ્લામાં આજે એક પણ નવો કેસ નોંધાયો નથી.

# બ્રહ્માકુમારીનાં સંચાલિકા દાદી હૃદયમોહિનીનું ૯૩ વર્ષે નિધન

## દાદીના નિધનના સમાચારથી ભારત સહિત વિશ્વભરમાં શોક, બ્રહ્માકુમારીના આગામી કાર્યક્રમો સ્થગિત કરી દેવાયા

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના મુખ્ય સંચાલિકા રાજયોગિની દાદી હૃદયમોહિની ગુરુવારે દેવલોક પામ્યા છે. ૯૩ વર્ષની ઉંમરે તેમણે મુંબઈની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા છે.



રાજયોગિની દાદી હૃદય મોહિનીજીનું સ્વાસ્થ્ય થોડા સમયથી ઠીક નહતું. મુંબઈની સૈફી હોસ્પિટલમાં એમની સારવાર ચાલતી હતી. તેમના નિધનના સમાચારથી ભારત સહિત વિશ્વભરમાં શોકની લાગણી પ્રસરાઈ ગઈ છે. આ સાથે જ બ્રહ્માકુમારીના આગામી કાર્યક્રમો સ્થગિત કરી દેવામાં આવ્યા છે. તેમના પાર્થિવ દેહને બ્રહ્માકુમારીના આબુ રોડ પર આવેલા શાંતિવન લઈ જવામાં આવશે. ૧૨ માર્ચે તેમના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે શાંતિવનમાં રાખવામાં આવશે અને ૧૩ માર્ચે સવારે માઉન્ટ આબુના જ્ઞાન સરોવર એકેડમીમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

# કલોલ-દહેગામ નગરપાલિકાના નવા હોદ્દેદારો ૧૭મીએ વરાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં જિલ્લા-તાલુકા પંચાયતો સાથે યોજાયેલ કલોલ અને દહેગામ નગરપાલિકાના નવા સૂત્રધારોની વરણી પણ ૧૭ મીએ જ કરવામાં આવશે.

૧૭ મીએ દહેગામ નગરપાલિકાની પ્રથમ સામાન્ય સભા પ્રાંત અધિકારી ભોરણિયાના અધ્યક્ષપદે મળશે. જ્યારે કલોલ નગરપાલિકાની પ્રથમ સામાન્ય સભા સ્ટેમ્પ ડ્યુટીના નાયબ કલેક્ટર શ્રીમતિ વેગડાના અધ્યક્ષપદે મળશે.

આ બન્ને નગરપાલિકાઓમાં ભાજપે વિજય મેળવ્યો છે અને તેના નવા હોદ્દેદારોનો નિર્ણય પણ પાર્લામેન્ટરી બોર્ડમાં જ લેવામાં આવશે.

## સેકટર-૩૦ પાસેથી ચાર દારૂડીયા ઝડપાયા

ગાંધીનગર શહેરની પોલીસને રાત્રીના પેટ્રોલીંગ દરમિયાન સેકટર-૩૦ સ્થિત આવેલા શાહી ફ્રાય સેન્ટર નજીકથી બાંકડા પર બેસીને લવરી કરતા ચાર દારૂડીયા ઓને પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે નામ પુછતા સેકટર-૨૭ ખાતે રહેતો કિષ્ના શૈલેષકુમાર પટેલ (ઉં.૨૨ મકાન નં-૪૬૨ ગાયત્રીનગર સોસાયટી), સરગાસણ દેવનંદન સમિટ ખાતે રહેતા ૨૮ વર્ષિય મૌલિક બાલુભાઈ વીરાણી, સરગાસણ એરા સાર્થક ફલેટ ખાતે રહેતા ૨૬ વર્ષિય પાર્થ અશોકકુમાર પટેલે પાટણના હારીજ નજીક આવેલા જુનામાકા ગામનો અલ્પેશ ચતુરભાઈ પટેલ હોવાનુ સામે આવ્યું હતું.

# ૧૫મીને સોમવારે મનપાની વધુ એકવાર સ્થાયી સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકાની વધુ એક સ્થાયી સમિતિની બેઠક આગામી ૧૫મી માર્ચના રોજ મળશે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળનારી આ મહત્વની બેઠકમાં ૧૨ જેટલા મુદ્દા તેના સત્તાવાર એજન્ડામાં દર્શાવવામાં આવ્યા છે.

આ બેઠકમાં ચૂંટણી ખર્ચ કરવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ દરખાસ્ત ઉપરાંત ઈન્દ્રોડામાં આર.સી.સી. રોડ, શહેરમાં સમાવાયેલ ગ્રામ્ય વિસ્તારમાં માર્ગોના કામોને બહાલી આપવામાં આવશે.

આ બેઠકમાં વિવાદાસ્પદ બનેલ સેલ્ફી પોઈંટનો મુદ્દો પુનઃ રજુ કરાયો હોવાથી આગામી દિવસોમાં આ મુદ્દો વધુ રાજકીય તુલ પકડશે કે પછી શમી જશે તેનો નિર્ણય બેઠકમાં શું લેવાય છે તેના પર નિર્ભર છે.

આ બેઠકમાં લેન્ડ ફિલ્ડ સાઈટ જે છે ત્યાં લેન્ડ સ્કેપીંગ સાથે ઉદ્યાન બનાવવાના ટેન્ડર અંગે પણ નિર્ણય લેવામાં આવશે. જો કે લેન્ડફિલ્ડ સાઈટનો મુદ્દો રાજકારણમાં ગરમાયેલો છે જ.

આ બેઠકમાં મનપા દ્વારા હાલ હાઉસ ટુ હાઉસ વેસ્ટ કલેક્શન માટે વપરાશમાં લેવાતા ૬૦ જેટલા મીનીટોપર વાહનોને કંડમ કરી અને હરાજીથી નિકાલ કરવાની દરખાસ્ત પર પણ નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત મનપા હસ્તકના પશુચિકિત્સા અધિકારીને એન.પી.એ. આપવાના મુદ્દે પણ નિર્ણય લેવામાં આવશે.

મનપાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થાય તે પૂર્વે આ અંતિમ સ્થાયી સમિતિની બેઠક હશે તેમ મનાઈ રહ્યુ છે. મનપાની સામાન્ય ચૂંટણીઓ એપ્રિલમાં યોજાવાની સંભાવનાઓ છે.



**સે-૨૮ બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે પાયકટેશ્વર મહાદેવના દર્શન યોજાયા**

ગાંધીનગરના સેકટર-૨૮માં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય ખાતે મહાશિવરાત્રીના પાવન પર્વે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બદામના શિવલિંગ, કાજુના શિવલિંગ અને માલ્યના શિવલિંગથી પાયકટેશ્વર મહાદેવના દર્શન યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે શહેરના મેયર રીટાબેન પટેલે ઉપસ્થિત રહી જયોત પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આ સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાતના હ્યુમન રાઈટ કમિશનના એડીજીપી મીરાબેન રામનિવાસ સાથે મળીને સંસ્થાના સંચાલિકા પૂ. કૈલાસદીદીએ ભગવાન ભોળાનાથની આરતી ઉતારી હતી તથા શિવધ્વજારોહણ કરી વિશેષ પ્રતિજ્ઞા વાંચન કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં બ્રહ્માકુમારીઝ અનુયાયીઓ તથા દર્શનાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહિલા સફાઈ કર્મચારીઓ અને દિવ્યાંગ દિકરીઓને રોગપ્રતિકારક કીટનું વિતરણ

ગાંધીનગર શહેરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી વિવિધ સંસ્થાઓ દ્વારા અનેકવિધ રીતે કરવામાં આવી હતી. જેમાં ઈન્ફોસિટી ખાતેની પર્લ ગર્લ્સ હોસ્ટેલ ખાતે વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટ, કર્મા ફાઉન્ડેશન તથા વીઆરવન ગૃપના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી ઉજવણીમાં શહેરની ૭૦થી વધુ મહિલા સફાઈ કર્મચારીઓને રોગ પ્રતિકારક શકિત વધારતી હોમિયોપથિક દવાઓ, માસ્ક તથા સેનેટરી પેડ સહિત અલ્પાહારનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આયોજકો દ્વારા સેકટર-૧૬ની પ્રજ્ઞાચક્ષુ બાળકો માટેની અંધજન શાળા અને સેકટર-૨૮ મૂકબધિર શાળાની દિકરીઓ તથા મહિલા કર્મચારીઓને પણ આ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## આલમપુર પાસે રીક્ષા ચાલકો વચ્ચે મારામારી

આલમપુર પાસે રીક્ષા મુકવા બાબતે રીક્ષા ચાલકો વચ્ચે મારામારી થઈ હતી. આલમપુરના રીક્ષા ચાલકોએ પેથાપુરના રીક્ષા ચાલક યુવકને માર માર્યો હતો. પેથાપુરના રીક્ષા ચાલકે પણ માર ખાધા પછી ચાકુ વડે હુમલો કરતા ચારને ઈજાઓ થઈ હતી. રણજીતસિંહ બાપુજી સોલંકીએ ફરીયાદમાં લખાવ્યું કે ૧૨ વાગ્યાના અરસામાં રીક્ષા લઈને આલમપુર શાકમાર્કેટના ગેટ પાસે ઉભા હતા. તે સમયે પેથાપુરનો રીક્ષા ચાલક સંજય રાવળ તેની રીક્ષા લઈને આવ્યો હતો.

# જિલ્લામાં સાઈબર ક્રાઈમના પાંચ વર્ષમાં ૧૩૦ ગુના નોંધાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ૧-૧૦-૧૫ થી ૩૦-૯-૨૦૨૦ સુધીમાં સાયબર ક્રાઈમના ૧૩૦ ગુનાઓ નોંધાયા છે. રાજ્ય સરકારના ગૃહ વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ૧-૧-૨૦થી ૩૦-૯-૨૦ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં ૪૨ ગુના નોંધાયા છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ૧-૧૦-૧૫થી ૩૦-૯-૨૦ સુધી આ ગુનાઓમાં ૧૭૭ ઈસમોને પકડવામાં આવ્યા છે અને ૧૭ ઈસમોને પકડવાના બાકી છે.

૧-૧૦-૧૫થી ૩૧-૧૨-૧૫ સુધીમાં પાંચ ગુના, ૨૦૧૬ માં ૧૭ ગુના, ૨૦૧૭માં ૨૮ ગુના, ૨૦૧૮ માં ૧૯ ગુના, ૨૦૧૯ માં ૧૯ ગુના નોંધાયા હતા. ગૃહ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે આવા ગુના બનતા અટકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ''સાયબર આશ્વસ્ત'' પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. રાજ્યમાં ૧૪ જેટલા અદ્યતન ટેકનોલોજી અને સાધન સામગ્રીથી સુસજ્જ સાયબર પોલીસ સ્ટેશનો પણ કાર્યરત કરવામાં આવ્યા છે. સાયબર ક્રાઈમ વિશે જનજાગૃતિ અભિયાન પણ યોજવામાં આવી રહ્યુ છે. આ માટે વેબીનાર પણ યોજવામાં આવ્યા છે.

'ગાંધીનગર સમાચાર'ની ૩૬ વર્ષની અવિરત અને અકલ્પનીય સફર માટે તેના સુકાની મેનેજિંગ તંત્રી તથા તેમની સમગ્ર ટીમને હૃદયપૂર્વક અભિનંદન સાથે શુભેચ્છાઓ...

સમાજમાં સકારાત્મક સમાચારોને પ્રાધાન્ય આપી સંવેદનશીલતા સાથે પત્રકારત્વના જવાબદારીપૂર્વકના વહન થકી પ્રસન્નતાનો પમરાટ પ્રસરાવવા સાથે જનમાનસને વાચા આપી જન જનના હૃદયસ્થ સ્થાનપ્રાપ્તિ માટે આપને સો સો સલામ...!

J D PATEL PRAGATI FOUNDATION

સદૈવ આપનો શુભેચ્છક

અનુપ પરીખ

સ્થાપક - અધ્યક્ષ : જે. ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન, ગાંધીનગર

VISHESH Changing Children's Lives...

CHILDREN HOME FOR BOYS

ARTS STAFF TRANSPORTATION ON TIME & SAFELY ACCESS RAPID TRANSIT SERVICES PVT. LTD.

દિપાલી ઉપાધ્યાય

ડાયરેક્ટર, વિશેષ એજ્યુકેશન સેન્ટર, સેક્ટર-૧, ગાંધીનગર

ડો. ચિરાગ ઉપાધ્યાય

પ્રિન્સિપાલ, ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, સેક્ટર-૧૯, ગાંધીનગર